નવનીત-યુવા ગાંધી જયંતિ સ્પેશિયલ 'સત્યમેવ' લાંબી બુક શ્રૃંખલાની રજુઆત



નવનીતની યુવા સ્ટેશનરી બ્રાન્ડએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૨જી ઓક્ટોબરે ૧૫૦મી જયંતિ ના પ્રસંગને ધ્યાનમાં રાખીને 'સત્યમેવ' લાંબી બુક શ્રૃંખલાની રજુઆત કરી છે. 'સત્યમેવ' જયતે પ્રાચીન ભારતીય ગ્રંથમાં આવેલ એક મંત્ર છે, જેનો અર્થ છે ,સત્યની હમેશા વિજય થાય છે. બ્રિટીશરો ના શાસન વિરુદ્ધ અહિંસાત્મ આંદોલન ચલાવનાર મોહનદાસ કરમચંદ ગાંધી અર્થાત મહાત્મા ગાંધીને આદરાંજલિ અર્પિત કરવા માટે યુવા એ આ સત્યમેવ લાંબી બુક શ્રૃંખલા લોન્ચ કરી છે.

શૈક્ષિક સામગ્રીના ઉધોગમાં અગ્રેસર નવનીત દ્વારા ૨૦૧૬માં રજુ કરાયેલ 'યુવા' તરુણ તથા ચૈતન્યદાયી બ્રાન્ડ છે. ભવિષ્યના આદિ પ્રણેતા યુવા પેઢીને ધ્યાનમાં રાખીને 'યુવા' દવારા યુવોકોને પસંદ આવે તી સ્ટેશનરી બજારમાં રજુ કરી છે. સુપ્રસિદ્ધ વ્યક્તિત્વ, તેમનુ જીવન અને તેમનુ દર્શન જ્ઞાન યુવા પેઢીને હમેશા પ્રભાવિત કરે છે. યુવા દ્વારા પ્રકાશિત કેટલા પસંદગીના પ્રસિદધ વ્યકિતત્વો પર આધારીત નોટબુક ની શ્રણી એ યુવા પેઢીનુ મન મોહી લીધુ છે. નવનીત એજયુકેશન લિ.સ્ટેશનરી વિભાગના સંચાલક શ્રી શૈલેન્દ્ર ગાલા એ આ વિષય પર બોલતા જણાવ્યુ કે, યુવાઓ એ તેમનુ લક્ષ્ય સાધવા માટે પ્રોત્સાહન દેવા , સહાયતા કરવા માટે નવનીત હમેશા પ્રયત્નશીલ રહે છે. યુવાઓની સર્જનશીલ અભિવ્યકિત ને હમેશા સમર્થન રહે છે. મહાત્મા ગાંધી ની ભિન્ન પ્રતિમા નો ઉપયોગ કરી તૈયાર કરાયેલ 'સત્યમેવ' નામની ૬ નોટબુક ની શ્રેણી ૨ ઓકટોબરે આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ મનાવવા માટે પ્રકાશિત કરી રહયા છીએ.-

જયંતીભાઈ પટેલને એએમએઆઈના પ્રેસિડેન્ટ જાહેર કરવામાં આવ્યા

AMAI
ALKALI MANU CTURERS ASSOCIATION OF INDIA
41st An al G eting

અલ્કલી મેનુફેક્ચરર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા દ્વારા મેઘમણી ગ્રુપના ચેરમેન જયંતીભાઈ પટેલને એસોસિયેશનના પ્રેસિડેન્ટ જાહેર કરવામાં આવ્યા. મેઘમણી ઑર્ગેનીક્સ લિમિટેડ (મેઘમણી) અમદાવાદ સ્થિત મેઘમણી ગ્રૂપની અગ્રણી કંપની છે અને ૧૯૮૬થી કાર્યરત છે.

આજે, મેઘમણી ઑર્ગેનીક્સ લિમિટેડ દેશભરમાં તેમજ દેશના પાયાના ૭૫થી વધુ દેશોમાં ફેલાયેલી સ્થાનિક અને વૈશ્વિક પગલાઓ સાથે પેગમેન્ટ અને એગ્રો-કેમિકલ્સ ઉત્પાદનોના ઉત્પાદનમાં ભારત આધારિત એક અગ્રણી કંપની છે. કંપનીના સેગમેન્ટમાં પિગમેન્ટ્સ, એગ્રો કેમિકલ્સ, બેઝિક કેમિકલ્સ, અને અન્ય શામેલ છે. પિગમેન્ટ્સ સેગમેન્ટ ફોથાલોકાઈનિન ગ્રીન ૭, કોપર ફોથાલોકાઈન બ્લુ, આલ્ફા બ્લુ અને બીટા બ્લુનું ઉત્પાદન કરે છે અને તેનું વિતરણ કરે છે. કંપની એગ્રો કેમિકલ્સ સેગમેન્ટ તકનીકી, મધ્યવર્તી અને જંતુનાશકોના ફોર્મ્યુલેશન્સનું ઉત્પાદન અને વિતરણ કરે છે. શ્રી જયંતિ મેઘજીભાઈ પટેલ, મેઘમણી ઑર્ગેનીક્સ લિ. ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેઓ આ જૂથના પ્રમોટર્સ પણ છે. મેઘમણી ઑર્ગેનીક્સ લિ. ૨૦૦૦થી વધુની ડાયરેક્ટ મેન-પાવર તાકાત સાથે રૂ. ૨૦૦૦ કરોડનું કેમિકલ કૉંગલોમરેટ છે. મેઘમણીએ મલ્ટિ પ્રોડક્ટ અને બહુ-સ્થાનીય રાસાયણિક જાયન્ટ છે જે એગ્રો કેમિકલ્સથી પિગમેન્ટ્સથી ડાયઝ એન્ડ ઈન્ટર મિડિયેટ્સથી બેઝિક કેમિકલ્સ સુધી કેમિકલ પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી ધરાવે છે. શ્રી જયંતિભાઈ ૪૫થી વધુ વર્ષનું વિશાળ કેમિકલ બિઝનેસ અનુભવ ધરાવે છે અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના કેમિકલ એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવે છે.(૧૩-૯)

એલએફ દ્વારા દેશમાં સૌથી લોકપ્રિય ડિશ – 'કરી' અને તેની વેરાઈટીઝ શોધવા માટે પ્રયાસ

માત્ર ભોજનની વાત નથી પણ તે લોકો, વાતચીત, સ્થળો અને તેમના વિવિધ મરીમસાલા પ્રત્યેના લગાવની વાત છે અને તે તેમના પોતપોતાના પ્રદેશોમાં તે પોતપોતાની રીતે તૈયાર કરવામાં આવે છે.

સપ્ટેમ્બર ૨૦૧૮:તમને બાળપણની એ વાત યાદ છે જ્યારે તમારા દાદી, માતા કે મહારાજ વિવિધ મરીમસાલા દળતા અને તેના કારણે રસોડામાંથી ખાસ સુગંધ આવતી? તેને કરી નામની વાનગીનો એક સ્વાદિષ્ટ હિસ્સો બને છે. આ એક એવું ભોજન છે જે પરિવાર એકસાથે બેસીને ટેબલ પર કે જમીન પર બેસીને જમે અને સાથે વાસણોના ખખડાટ, વાતચીત અને આંગળી ચાટતા કરી દે એવી ગ્રેવી કે કરી સાથે કરવામાં આવે છે ત્યારે એક ખાસ મૂડ ભોજનનો બની જતો હોય છે.

ભારતની વધુ જોવાતી ટ્રાવેલ, ફૂડ અને લાઈફસ્ટાઈલ ચેનલ એલએફ દ્વારા ભારતની આ સૌથી પ્રિય ડિશના ઈતિહાસ અને તેમાં આવતા રહેલા પરિવર્તનોને જાણવા માટે રોમાંચક એડવેન્ચરની શરૂઆત કરાઈ હતી. ભારતીય રોટી, રાઈસ કે હૃદયસ્પર્શી પારિવારીક વાતચીતો સાથે આ ભારતીય ભોજન કરી વિના તો ખરેખર અધૂરું છે. ૪૦૦૦ વર્ષના ભરપૂર ઈતિહાસ સાથે કરી તેના ટેસ્ટ, ઈનગ્રેડિએન્ટ્સ, મસાલા અને લોકોની પસંદગીના કારણે નોંધપાત્ર છે. સ્વાદપારખુ, કુલિનરી એક્સપર્ટ અને માસ્ટરશેફ જજ તથા એન્કર કુણાલ કપૂરે દેશના વિવિધ સ્થળોની મુલાકાત લીધી અને હિસ્ટોરિયન્સ, હોમ શેફ, કલાકારો, લેખકોના ઘરોમાં જઈને એ જાણવાની કોશિશ કરી કે ઈન્ડિયન કરી કઈ રીતે આટલી સ્પેશિયલ બની છે. આમ કરવાની સાથે તેમને તેના વિશેની ઓછી જાણીતી વાતો પણ જાણવા મળી, વર્ષો જૂની જાણકારી મળી અને તેના કારણે એક ભવ્ય શો – ધ કરીઝ ઓફ ઈન્ડિયા એ ટ્રાવેલ એડવેન્ચર્સ અને કેટલીક સુંદર યાદગીરીઓ અને રોમાંચક સફરનો શો બની રહ્યો છે.(૧-૭)

સર્જિકલ સ્ટ્રાઈક પ્રોક્સીવોરનો જવાબ હતો : મોદીની સાફ વાત

નવીદિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૪૮મી વખત મન કી બાત કાર્યક્રમ મારફતે દેશના લોકો સાથે વાત કરી હતી. મોદીએ સર્જિકલ સ્ટ્રાઈકનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શનિવારના દિવસે સવા સો કરોડ દેશવાસિયોએ સર્જિકલ સ્ટ્રાઈકની યાદમાં પરાક્રમ પર્વની ઉજવણી કરી છે. મોદીએ કહ્યું હતું કે, સર્જિકલ સ્ટ્રાઈક આતંકવાદની આડમાં ચલાવવામાં આવી રહેલા પ્રોક્સિવોરને જવાબ આપવાના ઈરાદાથી કરવામાં આવ્યા હતા અને આના લીધે ત્રાસવાદીઓને જડબાતોડ જવાબ અપાયો હતો. મોદીએ કહ્યું હતું કે, પરાક્રમ પર્વ દરમિયાન દેશના જુદા જુદા સ્થળો ઉપર સેનાના એક્ઝીબિશન મુકવામાં આવ્યા હતા. યુવા પેઢી અમારી તાકાત અંગે જાણી શકે તે માટે આ પ્રકારના એક્ઝીબિશન મુકવામાં આવ્યા હતા.

સીમ્સ હોસ્પીટલ દ્વારા સીમ્સ હાર્ટ વોકનું આયોજન

સીમ્સ હાર્ટ વોક માં એસ્ઈઈજીમેડીકલ કોલેજ, અમદવાદ મેડીકલ એશોશિયેન,લાયન્સ કલબ ઓફ અમદાવાદ સાઉથ,રોટરી ઈન્ટરનેશનલ,ફ્રેન્ડ પ્રજા ગ્રુપ,લેડીસ સર્કલ ઈન્ડિયા,નીલદીપ કોલેજ ઓફ કોર્મસ,સીનીયર સીટીઝન ગ્રુપ સોલા, સાથ્યા સાંઈ મેડીકલ સેન્ટલ,ધ સાયન્સ સીટી રેસીડેન્ટ ઓનર એશોશિયેશન,કલબ બેબીલોન સહયોગ,જોધપુર એશોશિયેશન અમદાવાદ થી વર્લ્ડ હાર્ટ ડે નિમીત્તે સીમ્સ હોસ્પિટલ,સોલા દ્વારા સીમ્સ હાર્ટ વોક કરવામાં આવ્યું હતું. તારીખ ૨૯ સપ્ટેમ્બર,૨૦૧૮ના રોજ સીમ્સ હોસ્પિટલમાં કરવામાં આવેલ.

જેનું પ્રસ્થાન અમદાવાદ શહેરના મેયર બીજલ પટેલ,મહંત મોહનદાસજી મહારાજ,શ્રીમાન લાખાભાઈ ભરવાડ તથા ડો.કેયુર પરીખ.ડો.મીલન યગ, ડો.અનીશ ચંદારણા, ડો.ધીરેન શાહ, ડો. ધવલ નાયક અને સીમ્સ ડોકટર ટીમની આગેવાની હેઠળ કરવામાં આવ્યું. જેમાં ૧૪૦૦ લોકો થી પણ વધારે સીમ્સ હાર્ટ વોકમાં જોડાયા અને હાર્ટ હેલ્થ માટે જાગૃતિ લાવવા લોકોએ ભાગ લીધો. તેમજ આ કાર્યકમમાં પહેલી વખત હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ના દર્દી આ સીમ્સ હાર્ટ વોક માં જોડાયા.

આ સાથે કાર્યક્રમમાં થલતેજ સાંઇ મંદિરના મહંત મોહનદાસજી મહારાજ અને ધાટલોડીયાના ધારા સભ્ય ભૂપેન્દ્રભાઇ પટેલ (એમ.એલ.એ.થલતેજ),શ્રીમાન ભવાનભાઈ ભરવાડ (એકસ.એમ.એલ.એ), શ્રીમાન લાખાભાઈ ભરવાડ (એમ.એલ.એ.-વિરમગામ),ડો.જયેશ પી.સયદેહ (પ્રેસિન્ડેન્ટ-અમદાવાદ મેડીકલ એશોસીયેશન),શ્રી સૌરભભાઇ ભ્રમભટૃ (ડિસ્ટ્રીક ગવર્નર,લાયન્સ કલબ) શ્રી કાંતીભાઇ પટેલ (રામ ભામાસા પાટીદાર સમાજ), ડો.સ્નેહ દેસાઇ (મોટીવેશનલ સ્પીકર),શ્રી દિનેશભાઈ દેસાઇ (કોર્પોરેટર),શ્રી સુરેશભાઇ પટેલ (કોર્પોરેટર),શ્રીમતી જયોત્સનાબેન પટેલ (કોર્પેરેટર),શ્રી પારૂલબેન પટેલ (કોપોરેટર),શ્રી આર.જી.ભાવસાર (ડેપ્યુટી એસ.પી. ગોધીનગર) શ્રી કે.સી.ગઢવી (સેક્રેટરી, અમદાવાદ મેડીકલ એશોશિયેશન),શ્રી દિનેશ પટેલ (SCROAએશોશિયેશન)આ કાર્યક્રમ માં હાજર રહયા હતા.-

સ્વીડન ઈન્ડિયા નોબેલ મેમોરિયલ ક્વીઝ ૨૦૧૮ના અમદાવાદ રાઉન્ડમાં માઈકાની ટીમ વિજેતા

SWEDEN INDIA NOBEL MEMORIAL
Indian Institute of Management, Ahmedabad
Consulate General of Sweden Mumbai
ABB
SANDVIK
SCANIA
SEB
VOLVO

અમદાવાદ, અમદાવાદમાં આઈઆઈએમ ખાતે આયોજિત સ્વીડન ઈન્ડિયા નોબેલ મેમોરિયલ ક્વીઝ ૨૦૧૮ના મુંબઈ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં માઈકાની ટીમ વિજેતા બની હતી.વિજેતા માઈકાની ટીમના સભ્યો સ્નેહાશીષ પાંડા, જયનીલ મોદી, અંતરા ફુલોરિયાએ તેમના ઈન્સ્ટીટ્યુટને ક્વીઝ માસ્ટર્સ સીમા ચારી અને કુનાલ સાવરકર દ્વારા પૂછાયેલા બ્રેઈન ટીઝર્સના જવાબો આપીને ગૌરવ અપાવ્યું છે.મુંબઈ સ્થિત સ્વીડનના કોન્સુલ જનરલ, કોન્સુલ ઉલરિકા સન્ડબર્ગ દ્વારા ઈન્ટરકોલેજિયેટ ક્વીઝ કોમ્પિટિશનમાં ઈનામો એનાયત કર્યા હતા, જેમાં આઈઆઈએમના ડિરેક્ટર એરોલ ડી'સોઝા તેમજ શહેર અને તેની આસપાસની જાણીતી કોલેજો અને ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ્સમાંથી આવેલા ક્વીઝર્સ સામેલ રહ્યા હતા.

ટીમ હવે શહેરનું પ્રતિનિધિત્વ નેશનલ ફાઈનલ્સમાં કરશે જેનું આયોજન ૧ નવેમ્બર, ૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે થવાનું છે.આ સ્પર્ધાના ત્યારપછીના રાઉન્ડનું આયોજન કોલકાતા, બેંગલુરુ, ચેન્નઈ, હૈદરાબાદ અને અંતે નવી દિલ્હીમાં થશે. ૨૦૦૮માં લોન્ચ થનારી આ વાર્ષિક ક્વીઝ વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ કરી રહી છે અને તે નોબેલ પ્રાઈઝ, નોબેલ લોરેટ્સ અને તેમની સિદ્ધિ પર વિદ્યાર્થીના જ્ઞાનને ચકાસવાનું અનોખું માધ્યમ બની છે. આ સાથે સ્વીડન, તેના લોકો, સંસ્કૃતિ, સ્વિડીશ ઈનોવેશન્સ અને ઈન્વેન્શન્સ વિશેના જ્ઞાનની પણ ચકાસણી થાય છે. સ્વીડન એમ્બેસી દ્વારા આયોજિત ભારતમાંની અગ્રણી સ્વિડીશ કંપનીઓના સહયોગ તેમજ અન્ય પાર્ટનર્સ તથા મુંબઈમાં કોન્સુલેટ જનરલ ઓફ સ્વીડનના સહયોગથી આ સ્પર્ધા સ્વીડન ઈન્ડિયા નોબેલ મેમોરિયલ પ્રોગ્રામનો હિસ્સો બની છે.(૧૯-૮)

રવિ વેંકટેશનની યુનિસેફનાં વિશેષ પ્રતિનિધિની નિમણૂક થઈ

યુનિસેફે યુવા લોકોનાં વિશેષ પ્રતિનિધિ રવિ વેંકટેશનની નિમણૂક કરી છે. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) સંસ્થાએ જણાવ્યું હતું કે, પોતાની નવી ભૂમિકામાં વેંકટેશન ઉચ્ચ-સ્તરીય પહોંચ, ભાગીદારી અને નવીનતાને વધારવાની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે યુનિસેફને વ્યૂહાત્મક માર્ગદર્શન અને સપોર્ટ પૂરો પાડશે. યુનિસેફે પોતાનાં નિવેદનમાં જણાવ્યું હતું કે, "રવિ વેંકટેશનની નિમણૂક યુવા લોકો માટે યુનિસેફનાં વિશેષ પ્રતિનિધિ તરીકે થઈ છે."

વેંકટેશન ખાનગી ક્ષેત્ર સાથે જોડાણ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને જનરેશન અનલિમિટેડની સંપૂર્ણ વ્યૂહરચના અને અભિગમને ઘડવામાં મદદરૂપ થશે તેમજ પ્રાદેશિક કંપનીઓની ઓળખ કરશે. આ નિવેદનમાં વધુ ઉમેરવામાં આવ્યું હતું કે, "તેઓ નવીનતાનાં એજન્ડા પર યુનિસેફને સલાહ આપશે અને આંતરરાષ્ટ્રીય કોર્પોરેશન સાથે કિંમતી ભાગીદારી ઊભી કરવામાં સહાય કરશે." વેંકટેશન વર્ષ ૨૦૧૫થી ૨૦૧૮ વચ્ચે બેંક ઓફ બરોડાનાં ભૂતપૂર્વ ચેરમેન હતાં તથા આ અગાઉ માઈક્રોસોફ્ટ ઈન્ડિયાનાં ચેરમેન તરીકે તેમણે માઈક્રોસોફ્ટને દુનિયામાં બીજી સૌથી મોટી કંપની બનાવવામાં મદદ કરી હતી. નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓ ક્યુમિન્સ ઈન્ડિયાનાં ચેરમેન અને ઈન્ફોસિસ લિમિટેડનાં કો-ચેરમેન તરીકે પણ કામ કરે છે. (૧)

રેડ બુલ રિવર રન્સ રમવા થઈ જાઓ તૈયાર

અમદાવાદઃ ભારતીયોને ૧ સપ્ટેમ્બરથી ૨૪ નવેમ્બર સુધી Red Bull R1v1r Runesની સાથે આંતરરાષ્ટ્રીય ઈસ્પોર્ટસ સીન પર પોતાની હાજરી દર્શાવવાની તક મળશે. આ ટૂર્નામેન્ટ લોકપ્રિય ડોટા-૨ રમતનુ મોડીફિકેશન એવી ગેઈમ મેપ પર રમાશે, જે સમાન્ય રીતે હોય છે તેમ એક તરફે પાંચની ટીમને બદલે એક વિરુધ્ધ એકના સ્વરૂપમાં રહેશે. દેશના ૧૪ શહેરો જેમ કે મુંબઇ, પૂણે, બેંગાલુરુ, હૈદરાબાદ, જયપુર, દહેરાદૂન, નાસિક, અમદાવાદ, ઈન્દોર, ચેન્નઈ અને વધુમાંથી ઓનલાઈન ક્વોલિફાયર્સ ૭ સપ્ટેમ્બરથી ૯ નવેમ્બર સુધીમાં અને ઓફલાઈન ક્વોલિફાયર્સ ૧ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોબરમાં સુધીમાં સ્થાન લેશે. શહેર, સ્થળ અને તારીખની વિગતો http://riverrunes.redbull.com/offline-qualifier પર છે. ઓનલાઈન અને ઓફલાઈન ક્વોલિફાયર્સના વિજેતાઓ વચ્ચે ૨૪ નવેમ્બરે યોજનારી ફિનાલેમાં જંગ ખેલાશે અને ઈએસએલ જેન્ટીંગ ૨૦૧૯ની મુલાકાત લેવાની તક પ્રાપ્ત કરશે.

R1v1r રન્સ એક આર્કેડ રમત છે જેનું સર્જન ડોટા-૨ના મોડીફિકેશન તરીકે કરવામાં આવ્યું છે, જેને સ્ટીમ વર્કશોપ ખાતે રમી શકાય છે. રેગ્યુલર ડોટા-૨ ગેમ પ્લે અને R1v1r રન્સ વચ્ચેનો સૌથી મોટો તફાવત એ છે કે ડોટા-૨ પરંપરાગત રીતે 5v5 સ્વરૂપમાં હોય છે, જ્યારે R1v1r રન્સ ૧૬૧ મેચઅપ છે. 1v1 સ્વરૂપમાં ગેમ ફક્ત મિડ લેનમાં રમવામાં આવે છે, જ્યારે અન્ય બે લેનને નિષ્ક્રિય કરવામાં આવે છે. જીતવા માટે ખેલાડીઓએ વિરોધી ટાવરનો વિનાશ કરવો અથવા દુશ્મન હીરોને બે વખત મારવો આવશ્યક છે. (૨૨-૧)

ટ્રાઈની નવી જોગવાઈ અમલીઃ કોલ ડ્રોપ થશે તો દંડ

નવી દિલ્હી, કોલ ડ્રોપને ફરીથી રોકવાની દિશામાં પહેલ થઇ ચુકી છે અને પહેલી ઓક્ટોબરથી આની શરૂઆત થશે. ટ્રાઇ દ્વારા કહેવામાં આવ્યુ છે કે, નવા પેરામિટરના પ્રભાવમાં આવવાથી કોલ ડ્રોપની સમસ્યામાં મોટા ફેરફાર થઇ શકે છે. આમા કોલ ડ્રોપના બદલે મોબાઇલ ઓપરેટર કંપનીઓ ઉપર ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. કોલ ડ્રોપની પરિભાષામાં ૨૦૧૦ બાદ પ્રથમ વખત ફેરફાર કરવામાં આવી રહ્યા છે. ટ્રાઇના નવા નિયમ આવતીકાલથી અમલી બનવા જઈ રહ્યા છે. કોલ ડ્રોપ થશે તો જંગી દંડ લાગૂ થશે. પ્રથમ વખત ડેટા ડ્રોપ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, મહિનાના પ્લાનમાં ડાઉનલોડમાં ગ્રાહકોને ઓછામાં ઓછા ૯૦ ટકા સમય નક્કી કરવામાં આવેલી સ્પીડ હેઠળ સર્વિસ મળે છે. સાથે સાથે મહિનાના પ્લાનમાં નેટ ડ્રોપ રેટ મહત્તમ ૩ ટકા રહે તે પણ જરૂરી છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે, નેટના સામાન્ય ટ્રાન્સમિશનમાં મહિનામાં કમસે કમ ૫૦ ટકા નક્કી સ્પીડમાં સર્વિસ મળવી જોઇએ. આવતીકાલથી અમલી બની રહેલા નવા નિયમથી કંપનીઓને મોટો ફટકો પડી શકે છે. નવા નિયમમાં કહેવામાં આવ્યું છે કે, હવે દર મોબાઇલ ટાવરથી જોડાયેલા નેટવર્કની દરરોજની સર્વિસને જોડી દેવામાં આવશે. સાથે સાથે કોલ ડ્રોપને લઈને પાંચ લાખનો દંડ થશે. સાથે સાથે દર મહિને બે ટકાથી પણ ઓછા કોલ ડ્રોપ ટેકનિકની હદમાં આવશે અને બાકી ઉપર કંપનીઓને દંડની ચુકવણી કરવી પડશે. કોલડ્રોપ પર મોટો વિવાદ થઇ ગયો છે. આને લઇને હોબાળો થયા બાદ આના પર લાગનાર દંડની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. અગાઉ દંડ લાગૂ કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી ત્યારથી લઇને તમામ કંપનીઓ ઉપર આર્થિક દંડ લાગૂ કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. તે વખતથી માત્ર ૮૭ લાખનો દંડ તમામ કંપનીઓ ઉપર લાગૂ કરવામાં આવ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, એક દલીલ એવી પણ આપવામાં આવી રહી છે કે, શહેરોમાં સ્માર્ટ ફોન પર વધતા જતા ડેટાના ઉપયોગના કારણે કોલ ડ્રોપની સ્થિતિ ખરાબ થઇ છે. ડેટા માટે કંપનીઓના ટાવર ઉપર એન્ટીના મુકવામાં આવી રહ્યા છે. સાથે સાથે ડેટાના વિસ્તરણમાં ગતિ તીવ્ર બની છે. કંપનીઓ માટે ડેટા મહત્તમ લાભ આપવા માટે માધ્યમ પણ બને છે. આગામી પાંચ વર્ષના ગાળા દરમિયાન ૧૨૦ ટકા વિસ્તરણની શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં કંપનીઓ વોઈસ સર્વિસથી વધારે ડેટા સાથે જોડાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. કન્ઝ્યુમર વોઈસના હેમંત ઉપાધ્યાયના કહેવા મુજબ કોલ ડ્રોપના મામલામાં વ્યવહારિક પક્ષ અપનાવવાની જરૂર દેખાઈ રહી છે. મોબાઈલ ઓપરેટર કંપનીઓ અને સરકાર ફુટબોલની જેમ જવાબદારી એકબીજા ઉપર નાંખી રહી છે. ગ્રાહકો પણ ઓછી કિંમતની સર્વિસ માટે ક્વોલિટી પ્રત્યે વધારે દબાણ લાવતા નથી. બીજી બાજુ કોલ ડ્રોપ દૂર કરવા માટે મોબાઈલ ઓપરેટર કંપનીઓએ પોતાની શરત રજૂ કરી દીધી છે. કંપનીઓને સરકારી ઈમારતો, સરકારી જમીનો અને ડિફેન્સ જમીન ઉપર ટાવર લગાવવાની મંજુરી જોઈએ છે.

ઈન્ડોનેશિયામાં ભૂકંપ બાદ સુનામીથી મૃત્યુઆંક ૮૪૦

જાકાર્તા, ઈન્ડોનેશિયાના સુલાવેસી દ્વિપમાં રિક્ટર સ્કેલ ઉપર ૭.૫ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપ અને ત્યારબાદ સુનામીના પરિણામ સ્વરુપે અભૂતપૂર્વ નુકસાન થયું છે. આના કારણે મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધીને ૮૪૦ ઉપર પહોંચી ગઈ છે. મોતનો આંકડો હજુ પણ વધવાની દહેશત પ્રવર્તી રહી છે. કારણ કે મોટી સંખ્યામાં લોકો લાપત્તા દર્શાવવામાં આવી રહ્યા છે. દ્વિપમાં શુક્રવારના દિવસે આવેલા ભૂકંપ બાદ અનેક ઈમારતોમાં પાણી ઘુસી ગયા હતા. ૩૫૦૦૦૦ લોકોની વસ્તીવાળા આ દરિયાકાંઠાના શહેર પાલુમાં તમામ મકાનો નાશ પામ્યા હતા. ૮૨૧ લોકોના મોત પાલુમાં થયા છે જ્યારે ડોંગગાલામાં ૧૧ના મોત થયા છે.

મોટી સંખ્યામાં વિદેશીઓ સહિત સેંકડો લોકો લાપત્તા દર્શાવવામાં આવ્યા છે. ફ્રાંસ, દક્ષિણ કોરિયા અને અન્ય દેશોના નાગરિકો લાપત્તા થયેલા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઈન્ડોનેશિયામાં આંતરરાષ્ટ્રીય રેડક્રોસના પ્રમુખ જેલફેંડે કહ્યું છે કે, પાલુમાં અભૂતપૂર્વ નુકસાન થયું છે. દૂરગામી વિસ્તારોમાં બચાવ ટુકડી હજુ પણ પહોંચી શકી નથી. આવી સ્થિતિમાં નુકસાનનો અંદાજ હજુ મેળવવામાં આવી શકે છે. રેડક્રોસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભૂકંપ અને સુનામીના કારણે હોસ્પિટલને પણ નુકસાન થયું છે જેથી ઈજાગ્રસ્તોને વધારે મુશ્કેલીઓ પડી રહી છે. ઈન્ડોનેશિયાના પ્રમુખ જોકો વિડોડોએ કહ્યું છે કે હોનારતની જગ્યાએ મદદ માટે સેનાને બોલાવી લેવામાં આવી છે. હજારો ઘરો અને ઈમારતોને નુકસાન થયું છે. ૮૦ રૂમ ધરાવતી એક હોટલને પણ નુકસાન થયું છે. કેટલાક શોપીંગ મોલ, મસ્જિદો અને ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. સાવચેતીના પગલારૂપે પાલુ એરપોર્ટને હાલમાં બંધ રાખવામાં આવ્યો છે. આશરે સાડા ત્રણ લાખની વસ્તી ધરાવનાત પાલુ શહેરમાં સુનામી બાદ પાંચ ફૂટથી ઉંચા મોજા ઉછળ્યા હતા. અનેક મૃતદેહ દરિયાકાંઠે નજરે પડ્યા હતા. હોનારતના દિવસે દરિયાકાંઠા પર કોઈ ઉજવણી ચાલી રહી હતી. ત્યાં હાલમાં મૃતદેહોની શોધખોલ ચાલી રહી છે. ભૂકંપ બાદ લોકો બુમાબુમ કરતા ભાગતા નજરે પડ્યા હતા. શક્તિશાળી સુલાવેસી ભૂકંપ બાદ સુનામી ત્રાટકતા અફડાતફડી મચી ગઈ હતી. જો કે, સુનામીની ચેતવણી થોડાક સમય બાદ ઉઠાવી લેવામાં આવી હતી. જો કે, ઈન્ડોનેશિયન ટીવીએ શક્તિશાળી મોજાના એક સ્માર્ટ ફોનના વિડિયો દર્શાવ્યા હતા જેમાં પાલુમાં લોકો ચારેબાજુ ભાગતા નજરે પડ્યા હતા. પાલુ શહેરમાં બે મીટર સુધીના મોજા ઉછળ્યા હતા પરંતુ પાણીની ગતિ પ્રમાણમાં ધીમી રહી હતી. સુનાવણીની ચેતવણી પરત લઈ લેવામાં આવ્યા બાદ તંત્રએ રાહત અનુભવી હતી. પાલુ શહેરમાં સુનામીના કારણે દરિયામાં છ ફુટ સુધી મોજા ઉછળ્યા હતા.

અનેક ઈમારતો પણ ધરાશાયી થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઉથલપાથલ અને દહેશત વચ્ચે લોકો માર્ગો ઉપર દોડતા નજરે પડ્યા હતા.

RBL BANK
આરબીએલ બેન્ક લિ.
રજિસ્ટર્ડ ઓફિસઃ ૧ લેન, શાહપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૧
બ્રાન્ચ ઓફિસઃ આરબીએલ બેન્ક લિ., છઠ્ઠો માળ, ટેકનીપ્લેક્સ કોમ્પ્લેક્સ-૧, ઓફ.વીર સાવરકર ફ્લાઈઓવર, ગુડગાંવ (પશ્ચિમ), મુંબઈ -૪૦૦૦૬૨

જાહેર નોટિસ-સિક્યોર્ડ એસેટના વેચાણ માટે હરાજી

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અંતર્ગત બેન્ક પાસે મોર્ગેજ રખાયેલી સ્થાવર મિલકત્તના સંદર્ભે વેચાણ કમ ટેન્ડર નોટિસ
(નિયમ૮(૬))

કોલમ નં. ૧માં નીચે ઉલ્લેખિત બોરોઅર દ્વારા કોલમ નં ૨માં ઉલ્લેખિત સ્થાવર મિલકત્ત (જે હવે અહી **'સિક્યોર્ડ એસેટ'** તરીકે ઉલ્લેખિત થશે)ના મોર્ગેજ સામે લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી પ્રાપ્ત કરી હતી. બાકી નીકળતી કુલ રકમ કોલમ નં. ૪માં અહી નીચે દર્શાવેલ છે જે ઉક્ત બોરોઅર પાસેથી પરત લેવાની રહે છે. આરબીએલ બેન્ક લિ.ના અધિકૃત અધિકારી (અહીથી **'બેન્ક'** તરીકે ઉલ્લેખિત થશે) એ ૨૮.૦૮.૨૦૧૭ના રોજ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્સન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જે અહીથી **'એસએઆરએફએઈએસઆઈ એક્ટ ૨૦૦૨** એક્ટ તરીકે ઉલ્લેખિત થશે)ની કલમ ૧૩(૨) અંતર્ગત ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરી હતી અને આ નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ પરત ચૂકવવા માટે અહી નીચે આપેલી કોલમ નં.૧ અને અન્ય સંબંધિતોને જણાવવામાં આવ્યું હતું. ઉક્ત બોરોઅર ઉક્ત રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અધિકૃત અધિકારીએ ૨૨.૦૮.૨૦૧૮ના રોજ સિક્યોર્ડ એસેટ્સનો એક્ટની કલમ ૧૩(૪) અંતર્ગત પ્રત્યક્ષ કબજો મેળવેલ છે. સિક્યોર્ડ એસેટ હવે 'જ્યાં છે ત્યાં?' અને 'જેમ છે તેમ?' એક્ટની કલમ ૧૩(૪)ને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (અહીથી હવે **'એસએઆરએફએઈએસઆઈ રૂલ્સ'** તરીકે ઉલ્લેખિત થશે)ના નિયમો ૮ અને ૯ સાથે વાંચતા વેચાણ માટે મૂકવામાં આવી છે.

૧	૨	૩	૪	૫	૬
એકાઉન્ટ/બોરોઅર/ મોર્ગેજર/ ગેરેન્ટરના નામ	**સિક્યોર્ડ એસેટનુ વર્ણન (મિલકત્ત ફ્રીહોલ્ડ કે લીઝહોલ્ડ ગમે તે સ્થિતિમાં હોય**	**જાણમાં રહેલ એનકમ્બ્રન્સીસની વિગતો**	**બાકી રકમ**	**રિઝર્વ પ્રાઈસ**	**હરાજીથી વેચાણનું સ્થળ અને સમય**
માતૃભૂમિ ડેરી પ્રાઈવેટ લિમિટેડ(અરજદાર) શ્રી પ્રદીપ આર. ગર્ગ (સહ અરજદાર) માતૃભૂમિ રિયલટેક ડેવલપમેન્ટ લિ. (સહ અરજદાર) શ્રીમતી શુભ્રા પી. ગર્ગ (સહ અરજદાર) શ્રી સંજય એચ બિસ્વાસ(સહઅરજદાર) લોન નં. ૮૦૯૦૦૦૭૭૯૬૯૫ અને ૮૦૯૦૦૦૭૭૯૬૯૫	રજિસ્ટર્ડ મોર્ગેજ કે જે તમામ સંબંધિત હિસ્સા શોપનં. ૧૪, એડમેઝરીંગ ૬૦૦ સ્ક્વેર ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર, લીલા આર્કેડ, એન. એ. લેન્ડ સર્વે નં. ૧૧૬/૧/૧/૧ પર બંધાયેલ એડમેઝરીંગ ૭૯૦ સ્ક્વેર ફૂટ અને એન.એ. લેન્ડ સરવે નં. ૧૧૬/૨, એડમેઝરીંગ ૯૪૦ સ્ક્વેર મી., સૌભાગ્ય ઈન હોટેલ પાસે, સિલવાસા-વાપ મેઈન રોડ, ગામ અમલી, દાદરા એન્ડ નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશ, સિલવાસા-૩૯૬૨૩૦. પૂર્વેઃ શોપનં. ૧૫ પાસે દક્ષિણેઃ બિલ્ડીંગ પાર્કિંગ એરિયાથી પશ્ચિમેઃ શોપનં. ૧૩થી ઉત્તરેઃ બિલ્ડીંગ ઓપન સ્પેસથી આવરીત.	એન/એ	કુલ રકમ રૂ. ૩,૮૯,૯૪,૨૨૨.૩૫/- ૨૮.૦૮.૨૦૧૭ના રોજ + વધારાનું વ્યાજ સાથે	રૂ. ૩૪.૨૦ લાખ	૧૭ ઓક્ટોબર, ૨૦૧૮ ૩.૦૦ વાગ્યે બપોરેથી બપોરે ૪.૦૦ વાગ્યા સુધી, આરબીએલ બેન્ક લિ. યુનિટ નં. ૧, ૨ અને ૭, રોશન એવન્યુ, સિલવાસા-વાપી રોડ, સિલવાસા-૩૯૬૨૩૦

૧) પ્રસ્તાવિત ટેન્ડર ફોર્મ અને વેચાણની શરતો અને નિયમો આરબીએલ બેન્ક લિ., યુનિટ નં. ૧,૨ અને ૭, રોશન એવન્યુ, સિલવાસા-વાપી રોડ, સિલવાસા-૩૯૬૨૩૦/આરબીએલ બેન્ક લિ., છઠ્ઠો માળ, ટેકનીપ્લેક્સ કોમ્પ્લેક્સ-૧, વીર સાવરકર ફ્લાયઓવર, ગોરેગાંવ(પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૬૨ ખાતે ૦૨.૦૧૦.૨૦૧૮થી સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી કામકાજના દિવસો દરમિયાન ૧૭.૧૦.૨૦૧૮ના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી ઉપલબ્ધ બનશે.
૨) સીલબંધ ટેન્ડરો અમારી ઓફિસ આરબીએલ બેન્ક લિ., યુનિટ નં. ૧, ૨ અને ૭, રોશન એવન્યુ, સિલવાસા-વાપી રોડ, સિલવાસા-૩૯૬૨૩૦ ખાતે ૧૭.૧૦.૨૦૧૮ સુધી સવારે ૧૧ વાગ્યા સુધી સુપરત કરી શકાશે.
૩) ટેન્ડર ખોલવાની તારીખ, સમય અને સ્થળ
 એ) સ્થળઃ આરબીએલ બેન્ક લિ. યુનિટ નં. ૧, ૨ અને ૭, રોશન એવન્યુ, સિલવાસા – વાપી રોડ, સિલવાસા-૩૯૬૨૩૦.
 બી. તારીખઃ ૧૭.૧૦.૨૦૧૮
 સી. સમયઃ બપોરે ૩.૦૦ વાગ્યે
૪) ઉપરોક્ત એસેટ રિઝર્વ પ્રાઈઝથી નીચેની કિંમતે વેચાશે નહીં.
૫) રસ ધરાવતા ટેન્ડરરે તેમના ટેન્ડર પેપર સીલબંધ કવર પર 'ટેન્ડર્સ ફોર ધ પરચેઝ ઓફ સેઈડ પ્રોપર્ટી' લખીને તેમજ સાથે રિઝર્વ પ્રાઈસના ૧૦ ટકા અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) શિડ્યુલ્ડ કમર્શિયલ બેન્કની તરફેણનો, 'આરબીએલ બેન્ક લિ.'ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ આ વેચાણ પ્રક્રિયામાં સામેલ થવા માટે સબમિટ કરી શકે છે.
૬) ઈએમડી, જો બિડ સફળ નહી થાય તો વ્યાજ વિના કામકાજના ૦૨ દિવસ પછી રિફંડ આપવામાં આવશે.
૭) ચૂકવણીનો સમય અને પદ્ધતિ
એ) ૧૦ ટકા ઈએમડી સહિત ૨૫ ટકા પેમેન્ટ વેચાણ કિંમત માટે, જ્યારે બેન્કની ઓફરના દિવસે જ ઓફર સ્વીકારાયે આપવાનું રહેશે કે આગામી કામકાજના દિવસ પછી સ્વીકારાશે નહીં.
બી) બેન્ક દ્વારા વેચાણ અંગે ખાતરી અપાયાના ૧૫ દિવસમાં બાકીની રકમ ચૂકવવાની રહેશે.
સી) પેમેન્ટ કરવામાં નિષ્ફળ રહ્યે, તમામ ચૂકવેલી રકમ એસએઆરએફએઈએસઆઈ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ અને એસએઆરએફએઈએસઆઈ નિયમો, બંનેમાંથી જે લાગુ પડે તે રીતે, ફોરફીટ થશે.
૮) ઉપરોક્ત વેચાણ બેન્કની મંજૂરીને આધીન રહેશે.
૯) રસ ધરાવતી પાર્ટીઓને અનુરોધ કે તેઓ સંબંધિત વિભાગો/ઓફિસો પાસેથી સેલ્સ/પ્રોપર્ટી ટેક્સ, ઈલેક્ટ્રીસિટી બિલની બાકી ચૂકવણી અંગે કાયદાકીય અને અન્ય ચૂકવવાપાત્ર રકમ અંગે ચકાસણી/સુનિશ્ચિત કરી લે. બેન્ક ઉપરોક્ત ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી અંગે કોઈ જવાબદારી લેશે નહીં.
૧૦) સિક્યોર્ડ એસેટ્સના સંદર્ભમાં વિગતો અહી ઉપર દર્શાવેલ છે તે અહી નીચે સહી કરનારની જાણ પ્રમાણે છે છતાં તે ઉપરોક્ત વિગતોમાં ભૂલ, કોઈ ક્ષતિયુક્ત નિવેદન અંગે જવાબદાર રહેશે નહીં. સંભવિત ખરીદકારોને આથી અનુરોધ કે ટેન્ડર્સ તેમના હિત ખાતર આ વિગતો ચકાસીને અને ખાતરી મેળવ્યા પછી તથા અન્ય વિગતો સિક્યોર્ડ એસેટ વિશે ટેન્ડર ભરતા પહેલા જાણીને ભરવા.
૧૧) વેચાણ કડકપણે આ જાહેરખબરમાં ઉમેરેલ શરતો અને નિયમોને આધીન રહેશે અને નિશ્ચિત ટેન્ડર ફોર્મમાં રહેશે.
૧૨) બોરોઅર, સંબંધિત ટેન્ડરર્સ, ગેરેન્ટર્સ, સિક્યોર્ડ એસેટ્સ કે જેનું વેચાણ થવાનું છે તેના માલિકો, જો તેઓ સિક્યોર્ડ એસેટ્સ માટે તેની/તેમની વધુ ઉત્તમ ઓફર આપવા ઈચ્છે છે તો તેઓએ અહીં ઉપર જણાવ્યા પ્રમાણેની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવાની રહેશે.
૧૩) સિક્યોર્ડ એસેટના બોરોઅર, સંબંધિત ટેન્ડરર્સ, ગેરેન્ટર્સ, માલિકો કે તેમના અધિકૃત પ્રતિનિધિ ટેન્ડર ખુલવાના સમયે હાજર રહી શકે છે.
૧૪) બિડર્સ /ટેન્ડરર્સ/ઓફરર્સને તેમની બિડ/ઓફર વધારવાની તક મળશે, જો તેઓ એમ ટેન્ડર ખુલ્યા પછી ઈચ્છશે. તેઓને તેથી અનુરોધ છે કે તેઓ સ્વયં અથવા યોગ્ય રીતે અધિકૃત અને સત્તાપ્રાપ્ત પ્રતિનિધિ દ્વારા હાજર રહે.
૧૫) બિડર્સ/ટેન્ડરર્સ/ઓફરર્સે તેમની વધારાની ઓફર રૂ. ૧૦૦૦૦/- (રૂપિયા દસ હજાર ફક્ત)ના ગુણાંકમાં વધારવાની રહેશે.
૧૬) સફળ બિડર/ઓફરરે તમામ સ્ટેમ્પ ડ્યુટી, રજિસ્ટ્રેશન ફી અને આકસ્મિક ખર્ચ કાયદા અન્વયે લાગુ પડતા નિયમોનુસાર સેલ સર્ટીફિકેટ મેળવવા માટે ભોગવવાની રહેશે.
૧૭) અધિકૃત અધિકારીને કોઈ કારણ દર્શાવ્યા વિના ટેન્ડર સ્વીકારવાનો કે નકારવાનો કે મુલતવી રાખવાનો/ રદ કરવાનો અબાધિત અધિકાર છે અને કોઈ આગોતરી નોટિસ વિના આ વેચાણની શરતો અને નિયમોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર છે.
૧૮) સંભવિત બિડર્સ સિક્યોર્ડ એસેટનું ૧૨.૧૦.૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૩૦થી ૦૨.૩૦ દરમિયાન નિરીક્ષણ કરી શકે છે.
૧૯) રસ ધરાવતા બિડર્સ શ્રી સ્વતંત્ર કુમાર મિશ્રાનો, મોબાઈલ નં. ૯૮૧૯૦૫૨૮૬૫ દ્વારા, ઈમેઈલઃ swatantrakumar.mishra@rblbank.com પર, સંજય જાધવનો મોબાઈલ નં. ૭૭૦૯૬૮૧૨૩૪ પર ઓફિસના કામકાજના કલાકો (સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા દરમિયાન) સંપર્ક કરી શકે છે.

અધિકૃત અધિકારી
શ્રી સ્વતંત્રકુમાર મિશ્રા
આરબીએલ બેન્ક લિ., વતી

તારીખઃ ૦૨.૧૦.૨૦૧૮
સ્થળઃ સિલવાસા